જન્મદિને વધામણી

પ્રવીણભાઈ એન દોશી
મો. ૯૯૦૪૧ ૪૭૦૬૪

પંક્તિ નિશાંત પટેલ

રાજવીરસિંહ એસ મકવાણા

કુવર મ્રિગેન્દ્રસિંહ ભાટી
મો. ૯૭૨૪૧ ૫૩૯૧૮

મયંકસિંહ મિતુલસિંહ વાઘેલા
મો. ૯૯૦૪૨ ૯૪૩૦૯

આર્યન બિપીન જાદવ
મો. ૯૮૭૯૯ ૦૬૫૮૯

યોગવિદ્યા ભારતની મૂલ્યવાન પૂંજી છે : રાજ્યપાલશ્રી

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે ઉત્સાહભેર કરવામાં આવી

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી.

રાજભવન

રાજ્યપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા પ્રાપ્ત કરેલ યોગવિદ્યા ભારતની મૂલ્યવાન પૂંજી છે, જેનો આજે સમગ્ર વિશ્વએ સ્વીકાર કર્યો છે. યોગ સ્વસ્થ જીવન જીવવા માટેની કલા છે. તે શરીર અને મન વચ્ચે સામંજસ્ય કેળવવાની વિદ્યા છે. આપણી સ્વસ્થ જીવનશૈલી માટે યોગ ખૂબ આવશ્યક છે, તેને નિયમિત રીતે આપણે સૌએ અપનાવવો જોઈએ.

સ્વામી અધ્યાત્માનંદજીએ વિવિધ યોગાસનો વિશે માહિતી આપી હતી. રાજ્યપાલે તેમનું અને યોગ વિશેષજ્ઞ અશ્વિન દવેનું સન્માન કર્યું હતું તથા સૌને સંકલ્પનું પઠન કરાવ્યું હતું.

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા

સ્વર્ણિમ પાર્ક ખાતે આયોજિત યોગ કાર્યક્રમમાં શાળાની કુલ ૩૦૦ વિદ્યાર્થીનીઓ અને ૮ જેટલાં શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી, વાડીભાઈ, અશોકભાઈ, શંભુજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્માર્ટ કિડ્સ

સ્માર્ટ કિડ્સ નર્સરી ખાતે યોગા સહિત આસન, મંત્રોચ્ચાર અને ડીપ બ્રિધિંગનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રેરણા વિદ્યાલય

પ્રેરણા વિદ્યાલય અને સિનિયર સિટિઝન યોગ ગૃપના સંયુક્ત ઉપક્રમે યોગ દિવસ નિમિત્તે સામુહિક યોગનું આયોજન સવારે ૬.૩૦થી ૭.૩૦ દરમ્યાન સૅક્ટર-૫ના બગીચામાં કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, આચાર્ય મનિષભાઈ ખત્રી તથા શાળાનાં તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લઈ આસનો કર્યા હતા. સિનિયર સિટિઝન યોગ ગૃપના સુરેન્દ્રસિંહ વાઘેલાની સાથે દશરથભાઈ પટેલ, ભાવસારભાઈ, ત્રિવેદીભાઈ તથા શહેર વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા તથા અન્ય સભ્યો જોડાયા હતા.

શ્લોક ગાનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અંતે, શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી.

પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ

કૉલેજ ખાતે ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યોગ પ્રશિક્ષક બાવકુભાઈ વાળા અને આર્ટ ઓફ લિવિંગના પ્રતિનિધિ ભરતભાઈ પટેલ, શોભનાબોન, હિતેશભાઈ, સુરજીતભાઈએ ઉપસ્થિત રહી યોગ, પ્રાણાયામ, અને ધ્યાનના પ્રયોગો કરાવ્યા હતા. તેમણે શારીરિક, માનસિક દુરસ્તી માટે યોગ જરૂરી છે એ બાબતની સમજ પણ વિદ્યાર્થીનીઓને આપી હતી. વિદ્યાર્થીનીઓ સાથે પ્રિન્સિપાલ, અધ્યાપકો, વહીવટી કર્મચારીઓએ પણ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. ઊર્મીલાબેન ચૌધરીના માર્ગદર્શનમાં પ્રા. સોનલ મોદી અને પ્રા. વિનોદભાઈ ચૌધરીએ કાર્યક્રમનું આયોજન, સંચાલન કર્યું હતું.

ભારત સ્વાભિમાન ટ્રસ્ટ

ગાંધીનગર જિલ્લામાં પતંજલી યોગ પીઠ દ્વારા વિવિવધ સંસ્થાઓ સાથે મળી યોગદિનની ઉજવણી કરી હતી, જેમાં યોગ, પ્રાણાયામ અને ધ્યાનનું વિશિષ્ટ માર્ગદર્શન સાથે યોગના વિવિધ પ્રયોગો કરાવવામાં આવ્યા હતા. બીઍસઍફ કૅમ્પસ, ચિલોડા ખાતે ૫૦૦ જવાનોને, કાનજીભાઈ બાવરે, સૅક્ટર-૨૫ ગાર્ડન ખાતે ૧૫૦ નાગરિકોને, સુચિતાબેન દિક્ષીતે, સરોજબેન ઠુમ્મરે સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે ૧૫૦ બાળકોને, સેજલબેન ખંડેરિયાએ સમર્પણ મૂકબધિર શાળા, સૅક્ટર-૨૮ ખાતે ૨૦૦ બાળકોને, બાબરીયાભાઈએ સરકારી ઈજનેરી કૉલેજ ખાતે ૭૫ વિદ્યાર્થીઓને, ઊર્મિલાબેન ઝનકારે મેડિકલ કૉલેજ ખાતે ૭૫ વ્યક્તિઓને, જૈમિન વૈદ્યે કડી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે ૧૨૦૦ બાળકોને, શશીબેન શર્માએ સૅક્ટર-૨૯ ગાર્ડન ખાતે ૧૫૦ વ્યક્તિઓને, જૈમિન વૈદ્યે ઍરફોર્સ સ્ટેશન ખાતે ૭૫૦ વ્યક્તિઓને તથા ગ્રીન સિટી, સૅક્ટર-૨૬ ખાતે કે યુ બારડે ૧૦૦ વ્યક્તિઓને યોગ કરાવ્યા હતા.

આરાધના વિદ્યાવિહાર

શાળાના વ્યાયમ શિક્ષકે વિદ્યાર્થીઓ, સ્ટાફમિત્રોને સમૂહમાં યોગના પ્રયોગો કરાવ્યા હતા. પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઉચ્ચ માધ્યમિક વિભાગ તેમજ બીએડ કૉલેજના ૧૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો અને ૬૦ જેટલા સ્ટાફમિત્રો આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. યોગ કાર્યક્રમની શરૂઆત શ્લોક ગાનથી કરી ચાલનક્રિયાઓ કર્યા બાદ તાડાસન, વૃક્ષાસન, પાદહસ્તાસન, પ્રાણાયામ, ધ્યાન ક્રિયા કરી અંતમાં સૌએ વિશ્વ, સમાજ, કાર્ય, પરિવાર પ્રત્યેનાં કર્તવ્યો કરવાનો સંકલ્પ લઈ યોગ દિનની ઉજવણી કરી હતી. મેનેજિંગ ટ્રસ્ટી રમણભાઈ પટેલ તથા શાળાના આચાર્ય વી ડી પટેલે યોગને દૈનિક જીવનમાં સ્થાન આપી સુંદર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાની સમજ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

શાળાની કુલ ૭૦૦ વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફગણે ભાગ લીધો હતો. સર્વપ્રથમ પ્રાર્થના, હળવી કસરતો, વિવિધ આસનો સાથે પ્રાણાયામ, ધ્યાન પણ કરાવવામાં આવ્યું હતું. સર્વએ નિયમિત યોગ કરીશું એવો સંકલ્પ પણ લીધો હતો. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના સભ્ય શંકરભાઈ ચૌધરી, શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી, સુપરવાઈઝર્સ તથા સમગ્ર શાળા પરિવારે યોગ કાર્યક્રમમાં જોડાઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ઇન્ફોસિટી સ્કૂલ

સ્કૂલ ખાતે યોગ દિનની ઉજવણીમાં ધોરણ-૬થી ૧૦ના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ જોડાયા હતા. શારીરિક, માનસિક સ્વાસ્થ્ય માટે યોગ ઉપયોગી છે એવું વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર, પ્રમુખ વૈષ્ણવસર તેમજ શિક્ષકમિત્રો પણ જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવિણામેડમ અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીમેડમના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઍનઍસઍસ વિભાગ અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સના ઍનઍસઍસ યુનિટિ દ્વારા ઈન્ટરનેશનલ યોગ દિવસની ઉજવણીમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞ ઓઝો દરેકને યોગ દિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાંત સુથારે પણ વિશેષ ફાળો આપ્યો હતો. યોગાભ્યાસ ડૉ. રણછોડ રથવી દ્વારા કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓ, અધ્યાપકો તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો.

ઓમકાર ઇન્ટરનેશનલ સ્કૂલ

સ્કૂલ ખાતે બાળકોને યોગના પ્રયોગો કરાવવામાં આવ્યા હતા તથા યોગ એટલે શું, તેનું જીવનમાં મહત્ત્વનું શું છે એ સમજાવવામાં આવ્યું હતું. ૨૫૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

સ્વામિનારાયણ ઇન્સ્ટીટ્યુટ

ઈન્સ્ટીટ્યુટ ખાતે યોગ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન વિદ્યાર્થીઓએ ઊંડાણપૂર્વક યોગનો અભ્યાસ કર્યો હતો.

પ્રશિક્ષણ દર્શનભાઈ ઠાકર દ્વારા આપવામાં આવ્યા હતા. સંસ્થામાં યોગ દિન નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ડિરેક્ટર વંડરાસાહેબે મેનેજમેન્ટ, યોગ શિક્ષક અને સૌ શિબિરાર્થીઓનો સફળ આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ

સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા અને સમૂહમાં યોગના પ્રયોગો કર્યા હતા. યોગ ગુરુ દ્વારા ઉષ્માપ્રેરક હળવી કસરતો કરાવવામાં આવી ત્યારબાદ વિવિધ પ્રકારનાં આસનો અને પ્રાણાયામ તેમજ સૂર્યનમસ્કાર, યોગ ગીત સાથે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. યોગનું જીવનમાં મહત્ત્વ જરૂરી છે એ વિશે માહિતી પણ આપવામાં આવી હતી.

કે કે પટેલ વિદ્યાલય

શાળાનાં આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોગ દિવસની ઉજવણી વિદ્યાલય ખાતે કરવામાં આવી હતી. ગુજરાત મોડેલ આયુર્વેદિક કૉલેજના પ્રોફેસર ડૉ. પંકજભાઈ પટેલ તથા ગૌરાંગભાઈ ઠક્કરે યોગ અંગેનાં પ્રવચન આપ્યાં હતાં. શાળાના ૭૦૦ વિદ્યાર્થીઓ ઉપરાંત સમગ્ર શાળા પરિવારે સમૂહમાં યોગાસનો, પ્રાણાયામની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન નારાયણભાઈ પટેલ તથા ધનંજયભાઈ પટેલે સ્ટાફમિત્રોના સહયોગથી કર્યું હતું.

પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ

સ્કૂલના ગાંધીનગર, ચાંદખેડા, વસ્ત્રાલ અને મહેસાણા સંકુલ ખાતે કુલ મળીને ૪૧૯૯ વિદ્યાર્થીઓએ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત પોદાર કિડ્સની દેશભરની શાખાઓમાં પણ પણ ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી.

સરસ્વતી વિદ્યાલય

વિદ્યાલય ખાતે પતંજલિ યોગ પીઠ હરીદ્વારની ગાંધીનગર શાખાના મુખ્ય યોગ શિક્ષક સરોજબેન ઠુમ્મર દ્વારા યોગની તાલીમ આપવામાં આવી હતી, જેમાં શાળાનાં ૧૫૦ બાળકો, વાલીઓ અને અતિથિ તરીકે વોર્ડ-૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ જોડાયા હતા. સરોજબેને યોગ, પ્રાણાયામ તેમજ ધ્યાનનું સરસ નિદર્શન કરાવ્યું હતું તેમજ યોગ, પ્રાણાયામના ફાયદા સમજાવ્યા હતા. યોગ શિબિરના અંતે શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને યોગ અંગેનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

રમતિયાળપણું : એક દિવ્ય અને આહ્લાદક અનુભૂતિ

મારા એક વર્ષો જૂના વડીલ મિત્ર, ફેમિલી ફ્રેન્ડ, એક આર્થિક સંસ્થાનના અધિકારી તરીકે થોડા સમય પહેલાં નિવૃત્ત થયા. સ્વભાવે ધીર-ગંભીર અને મિત્ર વર્તુળ તથા સહકર્મચારીઓમાં પણ તેમની ધીર-ગંભીર વ્યક્તિ તરીકેની જ છાપ. થોડા સમય પહેલાં વિદેશ સ્થાયી થયેલી તેમની દીકરી આવી હતી. એ દીકરીને એકાદ વર્ષની દીકરી. અમે કુટુંબ સાથે તેઓને મળવા ગયા, ઘેર પહોંચી થોડી અનૌપચારિક વાતો થઈ ને પછી મારા મિત્ર દોહિત્રી બાળકી સાથે રમતે ચડ્યા. એ બાળકી પણ ખૂબ જ રમતિયાળ હતી. મિત્ર પણ એ રમતિયાળ બાળકી સાથે તેના જેવા જ બની ગયા. આસપાસની વ્યક્તિઓ અને વાતાવરણને ભૂલીને એ મિત્ર બાળકી સાથે કાલીઘેલી વાતોમાં અને રમતોમાં એકદમ ઓતપ્રોત થઈ ગયા. મિત્રના ચહેરા ઉપર એક નવા જ પ્રકારની તાજગી જોઈ. તેમના ગાલો ઉપર લાલીમા આવી ગઈ. તેમની આંખોમાંથી બાળક જેવી નિર્દોષતા ટપકવા લાગી. સદાય ધીર-ગંભીર રહેનારા એ મિત્રનું રમતિયાળ સ્વરૂપ મેં પહેલીવાર જોયું. નાનાજી અને દોહિત્રીની રમતિયાળ જુગલબંધીએ આખુંય વાતાવરણ પ્રફુલ્લિત કરી દીધું અને સાથેની અન્ય વ્યક્તિઓને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રમતિયાળ બનાવી દીધા.

આપણને સૌને ઘણીવાર પ્રશ્ન થતો હોય છે કે આ બ્રહ્માંડમાં સૌથી વધારે રમતિયાળ કોણ ? કદાચ પ્રકૃતિ કે ઈશ્વર. શ્રીકૃષ્ણ ગોપીઓની મટુકી ફોડતા, તેમને પજવતા, તેમનાં કપડાં ચોરતા, બંસરી વગાડતા, રાધાજી સાથે રિસામણા-મનામણા કરતા ને માસી પૂતના અને કાલીનાગનો પણ રમતાં-રમતાં વધ કરી નાખ્યો હતો. ભગવાન શંકરનું નૃત્ય પણ તેમની રમતિયાળ પ્રકૃતિનો નિર્દેશ આપે છે. ઈશ્વર પોતાની રમતિયાળ પ્રકૃતિનો વિશ્વની પ્રકૃતિ દ્વારા પરિચય આપે છે. ટાઢ, તડકો, વરસાદ, વાવાઝોડું, ધરતીકંપ, પૂર, સુનામી, પંખીઓના કલરવ કે રંગબેરંગી આકાશ દ્વારા આપણને તેના રમતિયાળ સ્વભાવની પ્રતીતિ કરાવે છે.

રમતિયાળપણું એ માણસનો પ્રકૃતિદત સ્વભાવ છે.

રમતિયાળપણું એ માનવીની સર્જનાત્મક શક્તિનો સ્ત્રોત છે. જગતનાં કંઈ કેટલાય નાનાં-મોટાં કે મહાન સર્જનો માનવીની રમતિયાળ પ્રકૃતિ થકી જ થયાં છે અને થતાં રહે છે. વ્યક્તિનું મૌલિક સર્જન એ તેમના રમતિયાળ સ્વભાવની જ દેન છે. વ્યક્તિ જ્યારે પોતાનું રમતિયાળપણું અભિવ્યક્ત કરે છે ત્યારે તેને નવા-નવા વિચારો સ્ફુરે છે, નવા વિચારો થકી જ સર્જનકાર્ય શક્ય બને છે.

મારાં એક સહકર્મચારી બહેન, સ્વભાવમાં છલોછલ રમતિયાળપણું ભર્યું હતું. તેમના ચહેરા ઉપર પણ રમતિયાળ સ્મિત છલકતું હોય. બાળક જેવી નિર્દોષતા તેમના વર્તનમાં પણ દેખાય. પોતાના રમતિયાળ સ્વભાવનો કારણે બધા જ સહકર્મચારીઓ સાથે પણ ખૂબ સારા સંબંધો. કોઈપણ સહકર્મચારી સાથે તે કોઈપણ પ્રકારની નિર્દોષ મજાક-મસ્તી કરી શકે જે સહકર્મચારીને પણ પ્રિય લાગે. ઓફિસમાં ક્યારેક, કોઈ કારણસર જો વાતાવરણ ગંભીર બની ગયું હોય તો એ બહેન પોતાના રમતિયાળ સ્વભાવને કારણે પલકવારમાં વાતાવરણને હળવું ફુલ બનાવી શકે. તેમના આ નિર્દોષ અને રમતિયાળ સ્વભાવને કારણે દરેક સહકર્મચારીને તેમની સાથે એક પ્રકારનું જોડાણ થઈ ગયું હતું. એક પ્રકારનું મમત્વ બંધાઈ ગયું હતું જે કાયમી સંબંધોમાં પરિણમતું હતું.

રમતિયાળ વ્યક્તિ સ્ફુર્તિલી પણ હોય છે. આ પ્રકારની વ્યક્તિમાં આળસ હોતી નથી અને કોઈપણ કારણસર જો શરીરમાં આળસ પ્રવેશી ગઈ હોય તો બહુ ઝડપથી આળસ ખંખેરી શકે છે. માત્ર પોતાની આળસ જ નહીં, પોતાની આસપાસની વ્યક્તિઓને પણ આળસ ખંખેરવા ને તણાવમુક્ત બનવા માટે પ્રેરણાબળ બની શકે છે, પેલા બહેનનું પણ એવું જ હતું.

વ્યક્તિ જ્યારે પોતાના રમતિયાળપણામાં ઓતપ્રોત થઈ જાય છે ત્યારે તે પોતાના ભૂતકાળને વિસરી જાય છે ને પોતાની ભવિષ્યની ચિંતાઓને પણ ઘડીક માટે કોરાણે મૂકી દે છે. એ વ્યક્તિ ત્યારે માત્ર અને માત્ર વર્તમાનમાં જ જીવતી હોય છે. આવી વ્યક્તિ મિત્રો, સ્નેહીજનોમાં ખૂબ જ પ્રિય હોય છે, તે અન્ય લોકોનું દિલ જીતી લે છે અને પોતાના પ્રત્યે મમત્વ પણ પેદા કરી શકે છે.

દરેક વ્યક્તિમાં રમતિયાળપણું છુપાયેલું હોય છે ને દરેકને એ ગમતું હોય છે. હા, દરેક વ્યક્તિ એ અભિવ્યક્ત નથી કરતી, પણ કરવું જોઈએ. રમતિયાળપણામાં ખોવાઈ જઈએ તો આંખોમાંથી દિવ્યતા પ્રગટે છે, એક આહ્લાદક અનુભૂતિ થાય છે અને 'સ્વ'નું દિવ્યતા સાથે જોડાણ થાય છે, એક યોગ થાય છે, જે દિવ્યતા તરફ દોરી જાય છે.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

'મારા પ્રેમાળ પાડોશી'